



# સંગીતપોથી



(ધોરણ ૧ થી ૮)



Scanned by CamScanner

અમે નાના નાના હરણાં

ઠૂમક ઠૂમક ઠૂમક ચાલ અમારી

ખાતાં મીઠા તરણાં..... અમે

કોઈ દિ' ડુંગર પછવાડે જઈ

હળી-મળીને રમતા.... અમે

કોઈ પકડવા આવે જ્યારે

ઠેકી જાતા ઝરણાં.... અમે

Scanned by CamScanner

રવિ પછી તો સોમ છે,

ત્રીજો મંગળવાર;

ચોથો બુધ, ગુરુ પાંચમો;

છઠ્ઠો શુક્રવાર;

શનિવાર તે સાતમો,

છેલ્લો વાર ગણાય;

એમ એક અઠવાડિયું,

સાત વારનું થાય.

Scanned by CamScanner

(૧) આવો મેઘરાજા, વગડાવો વાજા
પી પી પી પી પોમ્ પોમ્ (૨)
મૂશળધાર મૂશળધાર
વરસે છે સાંબેલાધાર
છલબલ છલબલ છોમ્ છોમ્ (૨)
રેલમછેલ રેલમછેલ
નદીનાળા રેલમછેલ
સરરર સોમ્ સોમ્ (૨)

(૨) આવ રે વરસાદ
ઘેબરિયો વરસાદ
ઊની ઊની રોટલી
ને કારેલાનું શાક

(૩) વાદળ-વાદળ, વરસો પાણી
મુજને મોજ પડે રમવાની...
રૂમઝૂમ વરસો, રૂમઝૂમ વરસો,
ઝીણું-ઝીણું, ઝરમર વરસો
મોજ પડે ફોરાં ઝીલવાની
ઠંડક, ઠંડક થાય મારે તન
ઠંડક, ઠંડક થાય મારે મન
જાય નાસી ગરમીની રાણી
વાદળ, વાદળ, વરસો પાણી

Scanned by CamScanner

શાને આ રંગ જુદા જુદા, શાને આ રંગ જુદા જુદા

ચાંદાનો રંગ જુદો, સૂરજનો રંગ જુદો

ઓલા આભલાના રંગ જુદા જુદા....શાને

કાગડાનો રંગ જુદો, પોપટનો રંગ જુદો

ઓલા મોરલાના રંગ જુદા જુદા....શાને

ધરતીનો રંગ જુદો, પાણીનો રંગ જુદો

ઓલા માનવીના રંગ જુદા જુદા....શાને

Scanned by CamScanner

જંગલ કેરાં પ્રાણીઓની છુક છુક ગાડી ચાલી

છુક છુક છુક છુક છુક છુક ગાડી ચાલી

સૌથી આગળ કાળો હાથી એંજિન એ કહેવાય

હાથી ઉપર બેઠું સસલું ડ્રાઈવર એ કહેવાય

મોટા મોટા ફળ એ, હાથી ને દેતું જાય.

જંગલ આખું ધમ ધમ થાતું પક્ષીઓ ગભરાય

લાંબી ડોકે જિરાફભાઈ જંગલ જોતા જાય

વરુ અને શિયાળ એના પગમાં અથડાય

કાણી આંખે કાગડાભાઈ જંગલ જોતા જાય

હરણ અને સાબર ઠેકડા મારતાં જાય

કોટ પહેરી વાંદરાભાઈ ડબ્બે ડબ્બે જાય

પાંદડાની ટિકિટ તપાસે ચેકર એ કહેવાય

સૌથી પાછળ ઝંડી લઈને રીંછભાઈ જાય,

પીપ પીપ પીપ પીપ સીટી વગાડે ગાડી ઉપડી જાય.

Scanned by CamScanner

આ અમારું ઘર છે ને એમાં એક રસોડું છે.

સૌથી વહેલું જાગે છે ને સૌને એ જગાડે છે.

આ અમારું ઘર છે ને એમાં બે બારી છે.

એકમાંથી સૂરજ આવે બીજીમાંથી ભાગે છે.

આ અમારું ઘર છે ને એમાં મોટું આંગણું છે.

દિવસ આખો કલબલ કરતું રાતે ક્યારેક ભસે છે.

આ અમારું ઘર છે ને એમાં એક હીંચકો છે.

ઉપર-નીચે થયા કરતો ગીતો ગાયા કરે છે.

ઘરમાં એક બેન છે ને એની સાથે કીટ્ટા છે.

રાતે બુચ્ચા થઈ જશે ને આ ઘર અમારું છે.

Scanned by CamScanner

ફૂલડે ફૂલડે ફરતું હું તો પતંગિયું રૂપાળું

રંગભરી છે પાંખો મારી

જાદુભરી છે આંખો મારી....(૨)

ફૂલડે...ફૂલડે

નાનો બાબો નાની બેબી

મને પકડવા આવે ઘડી

ફૂલડે...ફૂલડે

રંગ સુગંધે નાચું કૂદું

રંગને કાજે માથે મૂકું

ફૂલડે...ફૂલડે

Scanned by CamScanner

એ તો કેવી અજબ જેવી વાત છે !

નાની મારી આંખ, એ જોતી કાંક-કાંક...એ તો કેવી

નાક મારું નાનું, એ સૂંઘે ફૂલ મજાનું.... એ તો કેવી

નાના મારા કાન, એ સાંભળે દઈ ધ્યાન...એ તો કેવી

નાનું મારું મોઢું, એ બોલે સારું સારું...એ તો કેવી

નાના મારા હાથ, એ તાળી પાડે સાથ.... એ તો કેવી

પગ મારા નાના, એ ચાલે છાના-માના.... એ તો કેવી

Scanned by CamScanner

ગોળુડો ઘાટ ભાઈ ગોળુડો ઘાટ,

આજુબાજુ ચારેબાજુ ગોળુડો ઘાટ

સૂરજદાદાના ભાઈનો ગોળુડો ઘાટ,

પૂનમના ચાંદાનો...ગોળુડો ઘાટ

પીળી નારંગીનો ગોળુડો ઘાટ

રમવાના દડાનો...ગોળુડો ઘાટ

આપણી આ પૃથ્વીનો ગોળુડો ઘાટ,

ભાઈલાના મોઢાનો...ગોળુડો ઘાટ

ગોળુડો ઘાટ....

Scanned by CamScanner

મારે નાના ગોવાળિયા થાવું છે (૨)

મારે ગાયો ચરાવવા જાવું છે...મારે નાના

હે..ઊંચેરા વડલાની ઊંચેરી ડાળીએ,

નીચે બેસી પાવો વગાડવો છે.. મારે નાના

બાજરીનો રોટલો ને ગોળનું દડબું,

છાંયે બેસીને મારે ખાવું છે... મારે નાના

આથમતા સૂરજની આથમતી સાંજે,

ઘેટાં-બકરાંને લઈ ઘેર જાવું છે... મારે નાના

મારે નાના નિશાળિયા થાવું છે.

મારે નિશાળે ભણવા જાવું છે... મારે નાના

Scanned by CamScanner

હે....દાદા હાલોને, હુતુતુતુ રમવા...(૨)

ભાઈ ને બેન તો રમે નાનાં-નાનાં

હે દાદા, તમે રમો કેમ નહીં?.... હે દાદા

ભાઈ ને બેનને નાના-નાના દાંત છે.

હે દાદા તમારે દાંત કેમ નહીં? ....હે દાદા

ભાઈ ને બેનને નાના-નાના વાળ છે.

હે દાદા, તમારે ટાલ કેમ થઈ?... હે દાદા

ભાઈ ને બેનને નાના-નાનાં પેટ છે.

હે દાદા, તમારે ફાંદ કેમ થઈ.... હે દાદા

ભાઈ ને બેનને નાના બે પગ છે.

હે દાદા, તમારે ત્રણ પગ કેમ?.... હે દાદા

Scanned by CamScanner

નદી-કિનારે મારું ગામડું
જાણે ગોકુળિયું ગામ રળિયામણું

નદી...

વહેલી સવારે ઘૂમે ઘમ્મર વલોણાં,
જાણે ઝાંઝરિયું ઝમકે રળિયામણું

નદી...

આ કોરે શંકર ને ઓલી કોરે રામજી
વચ્ચે માડીનું મંદિર સોહામણું

નદી...

સાંજ પડે બાળકો રેતીમાં રમતાં,
જાણે બાલમંદિરીયું રળિયામણું

નદી...

Scanned by CamScanner

વડલા ડાળે વાંદરાટોળી કરતી હૂપાહૂપ

છાનોમાનો જોયા કરું થઈને ચૂપાચૂપ... વડલા...

સૌથી મોટો વાંદરો વાનરનો સરદાર

એની પાછળ નાના મોટા વાંદરા છે દસબાર

છાપરા કૂદે, કૂદે અગાશી એવા એ બહાદુર

— વડલા...

લીમડા કેરી ખાય લીંબોળી વડના ખાય ટેટા

કેરી કેરી ખાઈ-ખાઈને ગોટલા નાંખે હેઠાં

દાંતિયા કરે, ખાય ગુલાંટો કરતાં ઝૂંટાઝૂંટ

— વડલા...

એક વાંદરી જૂ વીણીને ઝટપટ મોંમાં નાખે

મમ્મીની જેમ વહાલ કરીને છાતીએ ચાંપી રાખે

માણસ જેવું રૂપ છે એનું કેવું આબેહૂબ

— વડલા...

Scanned by CamScanner

એક મારી ઢીંગલીને એવી સજાવું,
બે એના કાનમાં બુટ્ટી પહેરાવું.
ત્રણ એના નાકમાં નથણી પહેરાવું,
ચાર એના હાથમાં ચૂડી પહેરાવું,
પાંચ એની આંગળીઓમાં વીંટી પહેરાવું,
છ એના ચોટલામાં વેણી ગૂંથાવું
સાત એની સાડીમાં રંગો પૂરાવું
આઠ એના ચણિયામાં મોરલા ચીતરાવું
નવ એની ઝાંઝરીમાં ઘૂઘરી પૂરાવું
દશમે દિવસે એને ગરબે રમાડું

Scanned by CamScanner

બા પેલા બાગમાં દોડી જાઉં

નાના છોડવાને પાણી પાઉ... પાઉ... પાઉ...

લીમડાની ડાળે બાંધ્યો છે હીંચકો

હીંચકે હીંચકો, ખાઉ... ખાઉ... ખાઉ... બા પેલા..

આંબાની ડાળે બોલે કોયલડી

કોયલની સાથે ગાઉ... ગાઉ... ગાઉ... બા પેલા...

છોડવે છોડવે ઊડે પતંગિયા

એને પકડવા જાઉં... જાઉ... જાઉં... બા પેલા..

Scanned by CamScanner

મારી મમ્મીએ આજ મને મારી

મમ્મી સાથે નહીં બોલું નહીં બોલું નહીં બોલુ રે.

કપડાં ધોવાની પાણી ભરેલી ડોલ

અમથી અમથી ઢોળી નાખી...

મને ધોકે ધોકે ધોઈ નાખી

મમ્મીની નકામી સાડી ફાડીને મેંતો

ઢીંગલીનાં પોતિયાં કીધા

મને તમાચા ચાર ચોડી દીધા

પપ્પા સંગાથે જાવું બજારે

એવી રે હઠ મેં કીધી

મને બાથરૂમમાં પૂરી દીધી... મમ્મી સાથે

Scanned by CamScanner

ચાલો, જોવા જઈએ મેળો, ચાલો, જોવા જઈએ
મેળામાં મજા કરીશું ચાલો, જોવા જઈએ...
મેળામાં જઈ શું શું કરશું?
ચકર ચકર ચકડોળમાં ફરશું,
જાડાપાડા હાથી પર બેસશું... ચાલો જોવા...

મેળામાં જઈ શું શું ખાશું?
તીખી તીખી ભેળ ખાશું,
ઠંડો ઠંડો આઈસક્રીમ ખાશું... ચાલો જોવા...
મેળામાં જઈ શું શું લેશું?
બેન માટે બંગડી લેશું,
ભાઈ માટે ભમરડો લેશું,
મમ્મી માટે માળા લેશું,
પપ્પા માટે પાકીટ લેશું,
ચાલો જોવા જઈએ મેળો.

Scanned by CamScanner

દાદાજીની લાકડીને, લાકડીનો ઘોડો,

ઘોડાની પૂંછડી પર માર્યો હથોડો,

દોડ્યો...દોડ્યો...દોડ્યો ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો

ઘોડો હતો ઘમંડી, પહોંચ્યો શાકની મંડી,

મંડીમાં તો બરફ પડ્યોને લાગી ગઈ ઠંડી,

દોડ્યો...દોડ્યો...દોડ્યો... ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો

ઘોડો આપણો તગડો છે, જુઓ કેટલી ચરબી છે.

ચાલે છે દમદારી ચાલે, ઘોડો આપણો અરબી છે.

દોડ્યો...દોડ્યો...દોડ્યો... ઘોડો ઊભી પૂંછડીએ દોડ્યો

દાદાજીની....

Scanned by CamScanner

એક ઝાડો-પાડો લીમડો,
જો લંગડી રમવા આવે તો,
મઝા પડે ભાઈ મઝા પડે.
ટમટમતાં પેલા તારલિયા,
જો નીચે ઊતરી આવે તો,
મઝા પડે ભાઈ મઝા પડે.
એક બંસીવાળો કાનુડો,
જો માખણ ખાવા આવે તો,
મઝા પડે ભાઈ મઝા પડે.
આકાશે કાળી વાદળી,
જો ઝરમર વરસી જાય તો,
મઝા પડે ભાઈ મઝા પડે.
એક પોપટ બેઠો પાંજરે,
આકાશે ઊડી જાય તો,
મઝા પડે ભાઈ મઝા પડે.
મારી નિશાળના બાળુડા,
એ રોજ ભણવા આવે તો,
મઝા પડે ભાઈ મઝા પડે.

Scanned by CamScanner

ઊડે પતંગ રંગદાર આભમાં

ઊડે પતંગ રંગદાર ગગનમાં... ઊડે

લાલિયો ને ધોળિયો, પીળિયો ને ભૂરિયો

લોટતો ને દોર લેતો જાય આભમાં... ઊડે

ચાંદો ને ચોકડીનો જામ્યો છે પેચ અલ્યા

ચાંદો ગયો ભરદોર ગગનમાં... ઊડે.

જો'ને મગનભાઈ, જો'ને છગનભાઈ,

હાથમાંથી ચાલ્યો ન જાય ગગનમાં... ઊડે.

દોરીની ઝૂલ પડી – લૂંટજો રે લૂંટજો

જોજો ન આંગળાં કપાય ગગનમાં... ઊડે.

Scanned by CamScanner

ધોળાં ધોળાં સસલા તમે ક્યાં ચાલ્યા,

અમે બાગ બગીચે ફરીએ

ફૂણાં તરણા વીણી ખઈએ

એવા ધોળા ધોળા અમે સસલા રે છીએ

ધોળાં ધોળાં હંસલા તમે ક્યાં ચાલ્યા

અમે માનસરોવર જઈએ એના મોતી ચરી લઈએ

એવા ધોળાં ધોળાં અમે હંસલા રે છીએ

ધોળાં ધોળાં બગલા તમે ક્યાં ચાલ્યા

અમે નદી તળાવ ફરીએ તેમાં માછલાં પકડી લઈએ

એવા ધોળાં ધોળાં અમે બગલા રે

Scanned by CamScanner

દરબાર છે દરબાર

આ રંગ તણો દરબાર (૨)

હું લાલ રંગનો રાજા

લીલો મારો સરદાર

પીળા પીતાંબર પહેરી સૌ પૂજા કરવા જાય.

પીળી છે પાકેલ કેરી સૌ હોંશે હોંશે ખાય

દરબાર છે....

કેસરિયો સૈનિક મારો લડવામાં બહાદુર

પોપટિયું મીઠું બોલે મધુરો એનો સૂર

દરબાર છે....

બદામી બતક બોલે તે બડબડ ગીત ગાય

આખી દુનિયાને માથે વાદળિયો રંગ છવાઈ

દરબાર છે....

ભૂરો ભણવામાં હોશિયાર ને ભારે હિંમતવાન

જાંબુડિયો ઝટપટ બોલે જુસ્સાવાળો જવાન

દરબાર છે....

Scanned by CamScanner

આ અમારી ગાડી છે
પગ એનાં પૈડાં છે
પેટ એનું એન્જિન છે
રોજ સવારે ઊપડે છે.
ભાગ-છૂટ, ભાગ-છૂટ, ભાગ-છૂટ..
રસોડું પહેલું સ્ટેશન છે.
સીટી ત્યાં વગાડે છે.
ભૂ...ખ, ભૂ...ખ, ભૂ...ખ....
મમ્મી સ્ટેશન માસ્તર છે
નાસ્તાનું સિગ્નલ આપે છે.
એન્જિનમાં ઢેબરાં નાખો રે!
એન્જિનમાં દૂધ ભરો રે!
ઘડિયાળમાં ડંકો વાગ્યો રે!
નિશાળ ભણી ભાગો રે!
ભાગ-છૂટ, ભાગ-છૂટ, ભાગ-છૂટ..
નિશાળનું જંકશન આવ્યું રે!
દફતર ઊપાડી ઊતર્યાં રે!
વર્ગમાં જઈ બેઠાં રે!
શબ્દો, વાક્યો લખ્યાં રે!
જોરથી ગીતો ગાયાં રે!
દાખલા બધા ગણ્યા રે!
એન્જિનમાં ઉંદર બોલ્યા રે!
ભૂ...ખ, ભૂ...ખ, ભૂ...ખ....
સિગ્નલ ક્યારે મળશે રે!
ઘરકામ ઝટપટ લખો રે!
સામાન જલદી ભરો રે!
ટન ટન ટનનનનન...
ગાડી અમારી ઊપડી રે
ભાગ-છૂટ, ભાગ-છૂટ, ભાગ-છૂટ..

એ જો ઘર આવ્યું રે!
મમ્મી રાહ જુએ રે!
બ્રેક જલદી મારો રે!
ચું ઈ ઈ ઈ ઈ.......ચૂંક
સામાન જલદી ઉતારો રે!
થાળી જલદી પીરસો રે!
ભૂખ અમને લાગી રે!
ભૂ...ખ, ભૂ...ખ, ભૂ...ખ....

Scanned by CamScanner

એક કબૂતર નાનું, એને બહુ ગમે ઊડવાનું

એ તો ઊડ્યું છાનું માનું,

તો કબૂતરની મમ્મી બોલી ઘૂ...ઘૂ...ઘૂ...

કબૂતર તો રોતું, એની મમ્મી સામે જોતું,

એને આવ્યું આંસુ મોટું,

તો કબૂતરના પપ્પા બોલ્યા ઘૂ..ઘૂ..ઘૂ...

કહે કબૂતર જાવું, મારે આભે ઊડવા જાવું,

મારે તળાવમાં તો ન્હાવું,

તો કબૂતરના કાકા બોલ્યા ઘૂ..ઘૂ..ઘૂ..

એક કબૂતર નાનું...

Scanned by CamScanner

એક દિ' મેં ભગવા પહેર્યો

ડોકે ઘૂઘરા બાંધ્યા

ઘૂઘરિયાળો બાવો બની

ટીલા-ટપકા તાણ્યા

કાળા કાળા વાળ બાંધ્યા

હાથમાં ચીપિયા ઝાલ્યા

ખખડાવતા મેં વાટ પકડી

લોટનો ભર્યો થેલો

ફરીને પાછો ઘેર આવ્યો

ચપટી લોટ માંગ્યો

ભગવાન તેરા ભલા કરેગા

બાને આશિષ આપ્યા

બાએ મને ઓળખી લીધો

ધોકો માર્યો છૂટો

જટા પકડી ઝાલી લીધો

તું આવો ક્યાં પાક્યો ?

Scanned by CamScanner

ચાલો ચાલો ને રમીએ હોડી હોડી
ચાલો ચાલો ને રમીએ હોડી હોડી
વરસ્યો વરસાદ ખૂબ આજે મૂશળધાર
ઝરણાં નાના જાય દોડી... દોડી... ચાલો...
બાપુનાં છાપા નક્કામાં થો થા,
કાપી કૂપીને કરીએ હોડી... ચાલો...
સાદી ને સઢવાળી, નાની ને મોટી
મૂકીએ પવનમાં છોડી છોડી... ચાલો...
જાશું દરિયાપાર પરીઓના દેશમાં,
સૌથી પહેલી દોસ્ત મારી હોડી... ચાલો...

Scanned by CamScanner

સાગરમાં નાવ મારી સરરર જાય
કાંઠે ઊભા ઝાડ કેવા નાના નાના થાય
સફેદ સઢમાં કેવો પવન ભરાય
હલેસા મારું તો નાવ દોડી દોડી જાય.
દૂર પંખીઓનો કલરવ થાય
સમીરની મંદ મંદ વાંસલડી થાય

સાગરમાં.....

ઊંચે ભૂરું આકાશ શું વિશાળ જણાય
નીચે કાળા-કાળા પાણી તો જોયા ના જાય.

સાગરમાં......

તોફાનમાં નાવ મારી ડગુમગુ થાય
પ્રભુને સ્મરું તો નાવ સરરર જાય...

સાગરમાં...

Scanned by CamScanner

આવ્યો શિયાળો ઠંડી લઈને

ગોદડિયાળી બંડી લઈને....

સુધાબહેને પહેર્યું સ્વેટર

મીના બહેને બાંધ્યું મફલર

સ્મિતા આવી શાલ ઓઢીને (૨) આવ્યો

ઠંડો વાયુ વાયે સઘળે

ડોશીમાની દાઢી ડગળે

તાપે સહુએ સગડી લઈને (૨) આવ્યો..

ખજૂર ચીકી, બોર લાવ્યો

પતંગ માંજો દોર લાવ્યો

શેરડી, ગંડેરી લાવ્યો (૨) આવ્યો...

Scanned by CamScanner

આવ્યો શિયાળો, આવી ઠંડી
પહેરો સ્વેટર, મફલર, બંડી
ઊઠો વહેલા, દોડ લગાવો
ઠંડી બહેનને દૂર ભગાવો
જમરૂખ ખાઓ, બોરાં ખાઓ
તાપણી ફરતા, બેસી જાઓ
ચીકી ખાઓ, પતંગ ઊડાવો.
પાક્કી દોરી, પેચ લગાવો
કરો યોગને કરજો આસન
તબિયત તો થઈ જાય ટનાટન

Scanned by CamScanner

હાલો હાલો કેસૂડાંના ફૂલ વીણવા
ઓલા ફાગણની મીઠી સુગંધ ઝીલવા
હે... કેસૂડે કેસૂડે કેસરિયો રંગ
ઊંચેરા શીમળે લાલ લાલ રંગ
કુંજે કુંજે કોકીલના કંઠ સૂણવા
ઓલા ફાગણની મીઠી સુગંધ ઝીલવા
હે... આવળે પથરાયો પીળો તે રંગ
આખા તે વગડે કેવો ઉમંગ
હાલો ખેતરના શેઢે પીંછા વીણવા
ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા
હે... ઊડે પતંગિયા ફૂલે ફૂલે
ગૂંજતા ભમરા કેવા ઝૂલે
ડાળે મંજરીઓ માંડી છે ફરફરવા
ઓલ્યા ફાગણની મીઠી સુગંધ ઝીલવા

Scanned by CamScanner

ગામને પાદર હો, સુંદર પાંચ ઝૂંપડી
પે'લી તે ઝૂંપડીમાં એકમનો વાસ છે.
એક એની કિંમત હો, સુંદર પાંચ ઝૂંપડી
બીજી તે ઝૂંપડી, દશકનો વાસ છે.
દશ એની કિંમત હો, સુંદર પાંચ ઝૂંપડી
ત્રીજી તે ઝૂંપડીમાં સોનો વાસ છે,
સો એની કિંમત હો, સુંદર પાંચ ઝૂંપડી
ચોથી તે ઝૂંપડીમાં, હજારનો વાસ છે,
હજાર એની કિંમત હો, સુંદર પાંચ ઝૂંપડી
પાંચમી તે ઝૂંપડીમાં, દસ હજારનો વાસ છે
દસ-હજાર એની કિંમત હો, સુંદર પાંચ ઝૂંપડી
ગામને પાદર હો, સુંદર પાંચ ઝૂંપડી

Scanned by CamScanner

સાઈકલ મારી સરરરર જાય,
ટીન ટીન ટોકરી બજાવતી જાય,
ડોશીમા ડોશીમા, આઘાં ખસો,
અગદાશો તો લૂલાં થશો;
રસ્તામાં છીંકણી ના સૂંઘાય,
વાતોમાં સાઈકલ વાગી જાય... સાઈકલ.
મોટા શેઠ, મોટા શેઠ, આઘા ખસો,
પાઘડી પડશે તો ગુસ્સે થશો;
ચોપડા ચીતરી ચાલ્યા બજાર,
આઘા ખસીને કરજો વિચાર... સાઈકલ.
શેઠાણી! શેઠાણી! આઘા ખસો,
સાડીનો છેડો ફરફર થાય,
સાઈકલમાં આવે તો પડી જવાય... સાઈકલ.

Scanned by CamScanner

હે! રસોઈના રાજા, બટેટાના બેટા,
ડુંગળીના દાદા, દૂધીના ભરથાર, મારો હેલો.
હે... શાક અને રોટલા જાત્રાએ જાય,
એક હતી દાળ અને બીજો મળ્યો ભાત
મારો હેલો સાંભળો હો... જી...
હે... ભીંડા દેખી ચાકુ, પાછળ પાછળ જાય
મારી નાખી કોથમીરને, ચાર મરચાં ખાય,
મારો હેલો સાંભળો હો... જી...
હે... ઊંચા ઊંચા રીંગણને, વચમાં છે ઈયળ,
જમણવારે ચઢ્યા ઓલ્યા પીર
મારો હેલો સાંભળો હો... જી...
હે... લીંબુડા છે ગલકાં હાથમાં છે હળદર,
કોબીજને વારે ચઢ્યા પરવર,
મારો હેલો સાંભળો હો... જી...
હે... ભાગ રે ભાગ તું કેટલે રે જઈશ
તેલમાં વધારી, ભાજી હું તારી ખાઈશ
મારો હેલો સાંભળો હો... જી...

Scanned by CamScanner

સપનાની વાત કહું સપનાની વાત,
ભાઈ મારા સાંભળજો સપનાની વાત,
કો'ક દિ હું સપનામાં, હોડી હંકારતો,
હોડી હંકારીને દૂર દૂર જાતો,
સાગરના મોજાંઓ હિલોળા ખાઈ,
ભાઈ, મારા સાંભળજો, સપનાની વાત.
કો'ક દિ હું સપનામાં સુખેથી પોઢતો...
પરીઓની પાંખ મને હવા નાંખી જાય...
ભાઈ મારા સાંભળજો, સપનાની વાત.
કો'ક દિ હું સપનામાં આકાશે ઘૂમતો
ચાંદામામાની સાથે હું ઘૂમતો;
તારલિયા ભાઈ મારા પગે અડી જાય...
સપનાની વાત કહું સપનાની વાત,
ભાઈ મારા સાંભળજો સપનાની વાત.

Scanned by CamScanner

ભલે નાના નાના બાળ અમે આજે ને કાલ

અમે મોટા થાશું ને જગ દોરશું

ખડતલ શરીર મન મોટું બનાવશું,

હૈયામાં હિત બધી દુનિયાનું ધારશું,

સાચા માનવ બનીને જીવતર જીવશું...અમે

ઊંચ-નીચ ભેદો આ દુનિયાના ટાળવા

નાતો-જાતોના ધર્મ વાડાઓ તોડવા,

બધી શક્તિ અમારી વિશ્વચરણે ધરશું...અમે

જગના અંધારાને દૂર-દૂર હાંકવા

સાચા તે જ્ઞાનનો દીવો પેટાવવા,

અમે જાતે સળગીને ઘેર-ઘેર ઘૂમશું...અમે..

પૈસાના જોરે આજ માનવી મપાય છે,

કોઈ કરે કામ કોઈ બેસીને ખાય છે,

કરી સર્વોદય સાચો સમાજ રચશું...અમે

Scanned by CamScanner

એકવાર આવજો આવાસ રે

ડુંગરાની પાસ રે

ઓ મારે ગામડે રે

ઘંટીના ઘોર કાન આથડે

જોરે ચડે બાવડે

અંગે અંગે સ્વેદ જામી જાય રે...ઓ મારે

પાણીની પનિહાર રે

બેડે ભરે પાણી રે

તરસ્યાને નીર મીઠા પાય રે...ઓ મારે

મહીડા વલોવે ઊભી નાર રે

કંકણ રણકાર રે

છાશ તણી છોળો છલકાય રે.. ઓ મારે

વડલે ને લીમડે મીઠી છાંય રે

શીતળ વાયુ વાય રે

મીઠી મીઠી મોરલી સુનવાય રે... ઓ મારે

Scanned by CamScanner

સાગરના છૈયા અમે સાગરના બાળ

સાગર અમારો અમે સાગરના બાળ

નિત નિત સાદ કરી અમને બોલાવતો

વીરોની વાત કહી છોળો ઉછાળતો...(૨)

કિનારો કહેતો...(૨) ખવૈયા ખવૈયા

સાગરના છૈયા...

મસ્તીભર્યા નાચ કરી અમને નચાવતો

ખારા એ સાગરમાં અમને ડોલાવતો

નાનકડી નાવડીને...(૨) નાના ખવૈયા

સાગરના છૈયા

પૂનમની અજવાળી અલબેલી રાત ખીલી...(૨)

નાનકડી નાવ ઓલ્યા મોજાંનો ભાર ઝીલી...(૨)

બહાદુર બંકા...(૨) અમે બહાદુર તરવૈયા

સાગરના છૈયા

Scanned by CamScanner

રોજ નિશાળે જઈએ, અમે રોજ નિશાળ જઈએ
ગાતાં-રમતાં અક્ષર સાથે ઓળખાણ કરી લઈએ...રોજ
સાંભળી-બોલી, લખી-વાંચીને ભઈલા ભાયા ભણીએ,
સંખ્યાઓને સમજી-સમજી ઝટપટ ગણિત ગણીએ,
પવન, ઝાડ, પુષ્પોની સંગે રમતાં ઘેલાં થઈએ...રોજ નિશાળે
ભણતરનો ના ભાર જરાયે ભણતર બિલકુલ સહેલું,
તરંગ અને ઉલ્લાસની સાથે એમાં જ્ઞાન ભરેલું.
હોંશે હોંશે ભણતાં ભણતાં ધ્યાન રમતાં દઈએ...રોજ નિશાળે
ભારત દેશમાં આપણે સહુએ ભણવાના અધિકારી
ભાઈઓ-બહેનો સૌને માટે ખુલ્લી નિશાળ-બારી
નવું-નવું નિત જાણી લેવાનો લ્હાવો લૂંટી લઈએ..
અમે રોજ...

Scanned by CamScanner

हम हाथी को गिनती सिखायेंगे

अरे ! बोल हाथी एक,

तुझे मिलेगी केक,

थोड़ा तुम खाओगे, थोडा हम खायेंगे ...हम

अरे ! बोल हाथी दो,

तुझे मिलेगा ढोल,

थोड़ा तुम बजाओगे, थोड़ा हम बजायेंगे ...हम

अरे ! बोल हाथी तीन,

तुजे मिलेगी बीन

थोड़ी तुम बजाओगे, थोडी हम बजायेंगे ...हम

अरे ! बोल हाथी चार,

तुझे मिलेगी कार

पहेले तुम चलाओगे, फिर हम चलायेंगे ...हम

अरे ! बोल हाथी पाँच,

चल जरा सा नाच,

थोड़ा तुम नाचोगे, थोड़ा हम नाचेंगे ...हम...

Scanned by CamScanner

કોયલ કૂ કૂ ગાય, મને ગાવાનું મન થાય
ગાવાનું હું શરૂ કરૂં તો, પપ્પા મારા ખીજાય

॥ કોયલ ॥

ચકલી ચણ ચણ ખાય, મને ખાવાનું મન થાય,
ખાવાનો આ સમય નથી, કહી મમ્મી મારી ખિજાય

॥ કોયલ ॥

ઊડતું પતંગિયું જોઈ, મને ઊડવાનું મન થાય,
ઊંચા હાથ કરી ઊડું ત્યાં નીચે પડી જવાય.

॥ કોયલ ॥

પથારીએ સૂતાં મને કંઈ કંઈ વિચાર થાય,
વિચારો હું ચડી જાઉં ત્યાં સપને સરી જવાય.

॥ કોયલ ॥

મારી ઈચ્છા પૂરી થાય, મને ગમતું બધું જ થાય,
ગાવાનું હું શરૂ કરું ત્યાં સૌ કોઈ રાજી થાય.

॥ કોયલ ॥

Scanned by CamScanner

હે... સુંદર સુંદર સૂરજ સુંદર, ચાંદો સુંદર

સુંદર સરિતાને સરોવર આ... આ...

વિભુ હશે તો કેવા સુંદર એવું થાતું મુજ મનમાં (2)

હે... ઉષા સુંદર નિશા સુંદર

સુંદર ધરતી શાંત સમીર

વિભુ હશે તો કેવા સુંદર એવું થાતું મુજ મનમાં (2)

હે... કવિતા સુંદર જીવન સુંદર

સુંદર તારા આભ વિશાળ

વિભુ હશે તો કેવા સુંદર એવું થાતું મુજ મનમાં (2)

હે... ભાષા સુંદર આશા સુંદર

સુંદર હૈયું ને માનવ

વિભુ હશે તો કેવા સુંદર એવું થાતું મુજ મનમાં (2)

Scanned by CamScanner

પેલા પંખીને જોઈ મને થાય

એના જેવી જો પાંખ મળી જાય

તો આભલે ઊડ્યા કરું, બસ ઊડ્યા કરું.

ઘડિયાળમાં દસ વાગ્યા, મમ્મી ખોળવાને આવે

પપ્પાને ખોળવાને આવે

પેલા ડુંગરની ટોચે, મારી પાંખ જઈને પહોંચે

તો આભલે ઊડ્યા કરું બસ ઊડ્યા કરું.

Scanned by CamScanner

रे मामा रे मामा रे मामा रे (२)

हम तो गये बाज़ार में लेने को लड्डु

लड्डु बड्डु कुछ ना मीला पीछे पडा टट्टु

रे मामा रे मामा....

हम तो गये बाज़ार में लेने को रोटी

रोटी बोटी कुछ ना मीला पीछे पडी मोती

रे मामा रे मामा....

Scanned by CamScanner

ધીમે ધીમે...(2) આવજે પવન (2)

ચુંદડી અમારી ઊડી ઊડી જાય

કેસરિયા રંગની ચુંદડી અમારી

જાણે સંધ્યાની ઉઘડતી બારી

મંદ મંદ મધુરગીત ગાજે પવન.. ચુંદડી

ઝૂમે છે ફૂલડાને ઝૂમે છે ડાળીઓ

મલકતી ચાલ તું સુણાવજે પવન.. ચુંદડી

તારો મધુર સુર ડુંગરાની ધારે

મસ્ત બની ઝૂમતી નદીઓને આરે

કોયલનો કંઠ તું સુણાવજે પવન.. ચુંદડી

Scanned by CamScanner

નાનકડું ગાંડીવ લઈ હું
નાનકડો અર્જુન બનું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)
રથમાં બેસું હું લડવૈયો
સારથિ મારો કૃષ્ણ કનૈયો
આસુરી વૃત્તિને મારી સદવૃત્તિ સંસાર કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું
વીંખી નાખું વિકૃતિને
શણગારું હું સંસ્કૃતિને
મારનાર ના મુજને કોઈ
એવો હું પડકાર કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)
કામ કરું પણ ફળ ના માંગુ
પરમેશ્વરને પ્યારો લાગું
સૂતા-ઊઠતાં ખાતાં-પીતા
યોગેશ્વરને યાદ કરું
નાનકડો રથ લઈને દોડું
રણમાં હું શૂરવીર બનું (2)

Scanned by CamScanner

नानी तेरी मोरनी को मोर ले गए,
बाकी जो बचा था काले चोर ले गए
खाके-पीके मोटे होके चोर बैठे रेल में
चोरोंवाला डिब्बा कटके पहोंचा सीधा जेल में
नानी तेरी...

उन चोरों की खूब खबर ली मोटे थानेदार ने
चोरों को भी खूब नचाया जंगल के सरदार ने
नानी तेरी...

अच्छी नानी प्यारी नानी रुसा-रुसी छोड दे
जल्दी से एक पैसा दे दे तु कंजूसी छोड दे
नानी तेरी....

Scanned by CamScanner

धरती की शान तु है प्रभु की संतान
तेरी मुठ्ठीओमें बंध तूफान है रे
मनुष्य तु बडा महान है भूल मत
मनुष्य तु बडा महान है
तु जो चाहे पर्वत-पहाडो को फोड दे
तु जो चाहे नदियों के मुखको भी मोड दे
तु जो चाहे माटी से अमृत नीचोड दे
तु जो चाहे धरती को अंबर से जोड दे
अमर तेरे प्राण मीला तुज को वरदान,
तेरी आत्माये स्वयं भगवान है रे... मनुष्य
नयनो में ज्वाल, तेरी गतिमें भूचाल
तेरी छाती में छीपा महाकाल है
पृथ्वी के लाल तेरा हिमगिरी सा भाल
तेरी भृकुटीमें तांडवा का ताल है
निज को तु जान जरा शक्ति पहेचान तेरी वाणीमें युग का आहवान है रे... मनुष्य..
धरती सा धीर तु है अग्नि सा वीर
तु जो चाहे तो काल को भी थाम ले
पापो का प्रलय रुके पशुता शीश झूके
तुं जो अगर हिंमत से काम ले...
गुरु सा मतिमान पवन सा तुं गतिमान
तेरी नभ से भी ऊंची उडान है रे... मनुष्य...

Scanned by CamScanner

કાળુડી કૂતરીને આવ્યાં ગલૂડિયાં,

ચાર કાબરાં ને ચાર ભૂરિયાં રે.

હાલો ગલૂડાં રમાડવાં જી રે ! (ટેક)

માડી ને પેટ પડી ચસ ! ચસ ! ધાવે

વેલે ચોટ્યાં જેમ તૂરિયાં રે

માતાને માથડે ચડતાં ને ચાટતાં,

જોગણનાં જાણે લટૂરિયાં રે. હાલો ગલૂડાં...

રાતાં માતાં ને રોમે રોમે સૂંવાળા
હોય મીઠાં ગાલ મસૂરિયાં રે. હાલો ગલૂડાં...

બાને વા'લા છે જેમ વીરો ને બેની,

કાળવીને વા'લા કુરકુરિયાં જી રે.. હાલો ગલૂડાં

મોટાં થાશે ને મારી શેરી સાચવશે

જાગશે રાતે બા'દુરિયાં રે. હાલો ગલૂડાં.. હાલો ગલૂડાં

Scanned by CamScanner

હો પેલા ઝગમગતાં તારલાની જોડી, આકાશ કોણે ચોડી,
હો બા મને કહેજે ને વાત એની થોડી

પચરંગી ફૂલ પેલાં કોણે છે રંગીયા
છૂપી છૂપી વાત શું કરતા પતંગિયા

પેલાં ભમરો ગૂંજે છે દોડી દોડી, જો પ્રીત કેવી જોડી.. હો બા

ઘૂઘવતાં સાગરનાં નીર ક્યાંથી આવીયા,
મોટાં મોટાં મગરમચ્છ ઉરમાં સમાવીયા,

પેલી નદીઓ ક્યાં જાય દોડી દોડી પર્વતને તરછોડી.. હો બા

કાળી કાળી વાદળી ક્યાં જાતી સોહામણી
આકાશે ઊડતી શું મહાલતી મહેરામણી

પેલી વર્ષાની ધાર કોણે છોડી માંહી વીજ કોણે ખોડી.. હો બા

લીલાંછમ વૃક્ષોને ઊંચા ઊંચા ડુંગરા,
વન ઉપવનને વળી પર્વતની કંદરા,

પેલા પંખી શું ગાય ઊડી ઊડી કુદરત કેવી રૂડી.. હો બા

Scanned by CamScanner

અમે સૂતા ઝરણાને જગાડ્યું, ઉછીનું ગીત માંગ્યું
કે ગીત અમે ગોત્યું ગોત્યું ને ક્યાંય ના જડ્યું
અમે વનવનનાં પારણાની દોરે, શોધ્યું ફૂલોની ફોરે
કે ગીત...
અમે ગોત્યું વસંતની પાંખે, ને વીજળીની આંખે,
કે ગીત...
અમે શોધ્યું સાગરની છોળે, વાદળને હિંડોળે,
કે ગીત...
અમે ગોત્યું કંઈ સેંથીની વાટે, લોચનને ઘાટે,
કે ગીત...
અમે જોઈ વળ્યાં દિશ-દિશાની બારી, વિરાટની અટારી
કે ગીત...

Scanned by CamScanner

हम भी अगर बच्चे होते
नाम हमारा होता गबलु-बबलु
खाने को मिलते लड्डु
और दुनिया कहती...हेप्पी बर्थ डे टु यु (२)
कोई लाता गुडिया मोटर, रेल तो कोई लाता लड्डु
कोई चाबी का टट्टु
कितनी प्यारी होती है ये भोली सी उमर
न नोकरी की चिंता न रोटी की फिक्र
नन्हे मुन्ने होते हम तो देते सौ हुकम
पीछे पीछे डेडी मम्मी बनके नौकर
चोकलेट बिस्कीट टोफी खाते और पीते दूधु
कैसे कैसे नखरे करते घरवालों से हम,
अक्कड़ बक्कड़ लुका-छुपी कभी छुआछु,
करते दिनभर हल्ला-गुल्ला दंगा ओर ऊधम्
ओर कभी जीद पर अड जाते जैसे अडियल टट्टु

Scanned by CamScanner